# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/ તા.૩૦/૦૪/૨૦૨૦

## પરિપત્ર-૨૦૪૨

વિષય : ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.
સંદર્ભ : નાયબ નિયામકશ્રી (મહેકમ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૩૦/૦૪/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક : મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપણે સૌ દર વર્ષે ૧ મે ના રોજ ગુજરાત સ્થાપના દિનની ગૌરવભેર ઉજવણી કરીએ છીએ પરંતુ આ વર્ષે નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગ રૂપ તા.૧૫/૦૫/૨૦૨૦ સુધી ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓમાં વેકેશનના છે. ત્યારે આપણા ગુજરાતના સ્થાપનાદિનની ઉજવણીની ગૌરવવંતી ગાથા આ વર્ષે પણ જળવાય રહે અને આ કપરા સમયમાં પોતાની અને પોતાના પરિવારની ચિંતા કર્યા વગર આપણા માટે સદાય ફ્રન્ટલાઈન પર અડગ એવા તમામ કોરોના વોરીયર્સની કામગીરીને બિરદાવવા, તેમના પ્રોત્સાહનામાં વધારો કરવા અને તેમને સન્માનિત કરવા માટે આપને આપની સંસ્થા ખાતે ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રમાં જણાવ્યા અનુસાર “ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરીયર્સની ભૂમિકા” વિષય ઉપર તા.૧૦/૦૫/૨૦૨૦ સુધીમાં ડિજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરી ૧ લી મે એટલેકે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. વધુમાં આ માટે પરિપત્રમાં જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને ઇનામ આપવાના રહેશે અને ખર્ચ કરવાનો રહેશે. તેમજ આ અંગેનો ઈ-અહેવાલ અહેવાલ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર તથા યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત પરિપત્ર

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**By Mail**

ક્રમાંક : મકમ/સ્થાપના
દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં.૧૨/૨, ડૉ.જે.એમ.ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા.૩૦/૦૪/૨૦

વિષય : ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સિટીઓ અને કોલેજ કક્ષાએ ડિજીટલ સ્પર્ધાઓનાં આયોજન બાબત.

સ્પર્ધાનો વિષય : ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા

પરિપત્ર :

આપણે સૌ જાણીએ છીએ તેમ ૧લી મે એટલે ગુજરાતમાં કે ગુજરાતની બહાર વસતાં દરેક ગુજરાતી માટે અનોખો દિવસ એટલે ગુજરાતનો સ્થાપના દિવસ.

દર વર્ષે ૧લી મે નાં રોજ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી જુદી જુદી રીતે સંસ્થાઓ અને સરકારા દ્વારા કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આપ સૌ સુવિદિત છો તેમ ગુજરાત, દેશ અને સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ એટલે કોરોના વાઇરસ એક મહામારી સ્વરૂપે ફેલાયેલ છે. પરિણામ સ્વરૂપ તેની સામે રક્ષણ માટે સરકાર દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે ૨૩ માર્ચથી સમગ્ર રાજયમાં લોકડાઉન જાહેર કરેલ છે. જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતે આ પગલાં આવકારી તેનો અમલ કરેલ છે. દરમિયાન કોરોના વાઇરસ સામે વોરિયર્સ બનીને ગુજરાતી યોદ્ધાઓ ગુજરાતનાં દરેક ગુજરાતી માટે દિવસ-રાત કામ કરી રહ્યાં છે. આવી પરિસ્થિતિ નિર્માણ થયેલ હોય ગુજરાતનાં સ્થાપના દિનની ઉજવણી આપણા કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવવાના ભાગરૂપે અનોખી રીતે કરવાની થાય છે. આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓનલાઇન ડિજીટલ સ્પર્ધાઓ કરાવી આપણાં આ યોદ્ધાઓને સન્માનીએ. તે માટે ડિજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરીને ૧લી મે એટલે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરીએ.

Scanned with CamScanner

આ ઉજવણીના ભાગરૂપે યોજાનાર ઉપરોક્ત સ્પર્ધાઓમાં વિષયવસ્તુ "ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા" રહેશે. તથા સપ્તધારા પ્રવૃતિનો સહારો લઇ સંસ્થા કક્ષાએ સ્પર્ધાદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઇનામ જાહેર કરવાનાં રહેશે. તથા આ ત્રણ ક્રમાંકોને અનુક્રમે રૂ.૧૦૦૦/-, રૂ.૫૦૦/- તથા રૂ.૨૫૧/- આપવાનાં રહેશે. જેનો ખર્ચ સપ્તધારા અંતર્ગત મળેલ ગ્રાન્ટ/ સંસ્થાઓને મળેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. તથા ૧૦મી મે સુધીમાં સંસ્થાકીય આ સ્પર્ધાઓ પુર્ણ કરી ઇ – અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે. આ સ્પર્ધા બાદ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે આયોજન વિચારાધીન છે જેની જાણ અલાયદી કરવામાં આવશે.

**નોંધ પરનાં માન. નિયામકશ્રીના આદેશાનુસાર**

નાયબ નિયામક (મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,

૧. રજીસ્ટ્રારશ્રી, સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ તમામ

૨. આચાર્યશ્રી, સરકારી/ બિનસરાકારી અનુદાનિત/ સ્વનિર્ભર કોલેજો તમામ (અમલીકરણ અર્થે)

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

– માન. શ્રી ઉપસચિવશ્રી (ખ- શાખા) શિક્ષણવિભાગ, ગુ.રા.ગાંધીનગર તરફ

Scanned with CamScanner